આઈસીડીએસ હેઠળ ફરજ બજાવતા
આંગણવાડી કાર્યકરોની મુખ્યસેવિકા
વર્ગ-૩ના સંવર્ગમાં સીધી પસંદગી
માટેની કાર્યપ્રણાલી નક્કી કરવા
બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ-૧ (પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૩/૨૦૨૨

<u>વંચાણે લીધા:</u>

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ, તા. ૧૩/૧૨/૨૦૦૫
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ, તા. ૦૮/૦૨/૨૦૦૬
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ, તા. ૨૧/૦૫/૨૦૦૭

## //ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકરોને નામનિયુક્તિથી મુખ્યસેવિકામાં નિમણૂક આપવા અંગેની કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી પ્રથમ વખતની નામનિયુક્તિ સમયે ત્રણ વર્ષની વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી ઉપલી વય મર્યાદા નક્કી કરવા માટે કટ ઓફ ડેટ નક્કી કરવામાં આવેલ હતી. મુખ્ય સેવિકા, વર્ગ-૩, ભરતી નિયમો-૨૦૧૩થી "નામનિયુક્તિ"ને બદલે "સીધી પસંદગી"ની જોગવાઈ થયેલ છે. પંચાયત વિભાગના તા.૧૯/૦૭/૨૦૨૧ના જાહેરનામાથી બહાર પાડેલા ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) (સુધારા) નિયમો, ૨૦૨૧થી બઢતી માટેની "પસંદગી સમિતિ" રદ કરવામાં આવેલ છે. આથી વંચાણે લીધા (૧) થી (૩) પરના ઠરાવો

રદ કરીને આઈસીડીએસ હેઠળ ફરજ બજાવતા આંગણવાડી કાર્યકરોની મુખ્યસેવિકા વર્ગ-૩ના સંવર્ગમાં સીધી પસંદગી માટેની કાર્યપ્રણાલી બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨/- આઈસીડીએસ હેઠળ ફરજ બજાવતા આંગણવાડી કાર્યકરોની મુખ્યસેવિકા વર્ગ-૩ના સંવર્ગમાં સીધી પસંદગી માટે નીચે મુજબની કાર્યપ્રણાલી રહેશે:

1. મુખ્યસેવિકા, વર્ગ-૩ પંચાયત સેવાની જગ્યાઓ જિલ્લા કક્ષાએ અને મહાનગરપાલિકા કક્ષાએ અલગ અલગ રીતે મંજૂર થયેલ નથી. પરંતુ, મુખ્યસેવિકા, વર્ગ-૩ની જગ્યાઓ રાજ્ય કક્ષાએ મંજૂર થયેલ છે.
2. મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકરો અને જિલ્લા પંચાયતના આંગણવાડી કાર્યકરોની પ્રવરતા અલગ અલગ નક્કી કરવાની થાય છે.
3. મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકરોને તેમની પ્રવરતા મુજબ મહાનગરપાલિકા ખાતે મુખ્યસેવિકાની મંજૂર થયેલ જગ્યાઓ સામે જ મુખ્યસેવિકાના વર્ગ-૩ના ભરતી નિયમોની જોગવાઈ મુજબ (બઢતી) કાર્યવાહી કરવાની રહે.
4. જિલ્લા પંચાયતના આંગણવાડી કાર્યકરોને તેમની પ્રવરતા મુજબ જિલ્લા પંચાયત ખાતે મુખ્યસેવિકાની મંજૂર થયેલ જગ્યાઓ સામે જ મુખ્યસેવિકાના વર્ગ-૩ના ભરતી નિયમોની જોગવાઈ મુજબ (બઢતી) કાર્યવાહી કરવાની રહે.
5. જે તે જિલ્લા પંચાયતના પ્રોગ્રામ અધિકારીશ્રીએ તથા મહાનગરપાલિકાના પ્રોગ્રામ અધિકારીશ્રીએ આઈસીડીએસ હેઠળ મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકરો અને જિલ્લા પંચાયતના આંગણવાડી કાર્યકરો તરીકેનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ ધરાવતા હોય એવા આંગણવાડી કાર્યકરોની બંનેની અલગ અલગ પ્રવરતા યાદી બનાવવાની રહેશે.
6. પ્રવરતા યાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના નિયમો/માર્ગદર્શિકા ધ્યાને લેવાના રહેશે તેમજ પ્રવરતા યાદીમાં અનુ.નંબર, નામ, જન્મ તારીખ, જાતિ, નિમણૂક તારીખ, શૈક્ષણિક લાયકાત અને તાલીમની વિગતો દર્શાવવાની રહેશે.
7. મુખ્યસેવિકા, વર્ગ-૩ના ભરતી નિયમોની જોગવાઈ મુજબ પ્રવરતા યાદી ધ્યાને લઈને આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ની ગુણપદ્ધતિ અનુસાર પસંદગી યાદી જિલ્લા પંચાયતના પ્રોગ્રામ

અધિકારીશ્રીએ તથા મહાનગરપાલિકાના પ્રોગ્રામ અધિકારીશ્રીએ તૈયાર કરવાની રહેશે. આ પસંદગી યાદી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસના પરામર્શમાં બહાર પાડવાની રહેશે.

8. મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકરો અને જિલ્લા પંચાયતના આંગણવાડી કાર્યકરોની પસંદગી યાદી બહાર પાડ્યા તારીખે આંગણવાડી કાર્યકરની ઉમર ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. ત્યારબાદ નિમણૂક સમયે ૪૫ વર્ષથી વધુ ઉમર હોય તો પણ આંગણવાડી કાર્યકરને મુખ્યસેવિકા વર્ગ-૩ તરીકે નિમણૂક માટે વિચારણા કરવાની રહેશે.
9. મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકરો અને જિલ્લા પંચાયતના આંગણવાડી કાર્યકરોની પસંદગી યાદી અંગે જે તે જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકા દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની ભલામણ મેળવ્યા બાદ જ આંગણવાડી કાર્યકરને મુખ્યસેવિકા, વર્ગ-૩ ના સંવર્ગમાં મુખ્યસેવિકા, વર્ગ-૩ પંચાયત સેવાના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર નિમણૂક આપી શકાશે.
10. મહાનગરપાલિકા ખાતેની મુખ્યસેવિકાઓની સીધી ભરતીની જગ્યાઓ જે તે જિલ્લાની જિલ્લા પંચાયત દ્વારા પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે. દરેક જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકામાં અનામતની નિયત થયેલી જગ્યાઓનું પ્રમાણ જાળવવાનું રહેશે.
11. મુખ્યસેવિકા, વર્ગ-૩ની અનામતની નિયત થયેલી જગ્યાઓનું પ્રમાણ જાળવી રાખવા અંગે મુખ્યસેવિકાની નવી ઉભી થયેલ/હાલમાં ચાલુ/ભરેલ/ખાલી જગ્યાઓ બાબતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પંચાયત વિભાગ તેમજ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વખતોવખત જાણ કરવાની રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૨૧/૦૨/૨૦૨૨ની નોંધથી પંચાયત વિભાગ અને તા.૦૨/૦૩/૨૦૨૨ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અ.મુ.સ.શ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (પત્ર દ્વારા)
7. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
9. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
10. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી
11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી
12. શાખા સિલેક્ટ ફાઈલ

(મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૦/૦૩/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/ ૧૦૨૦૦૪/ ૬૧૫/બ-૧ (પા.ફા.))

## પરિશિષ્ટ-૧

## પસંદગી યાદી તૈયાર કરવા માટેની ગુણપદ્ધતિ

| ક્રમ | પસંદગી માટેના માપદંડ | ગુણ | |
|---|---|---|---|
| (અ) શિક્ષણ | | | |
| ૧ | ધોરણ-૧૦ પાસ | ૧૦ | |
| ૨ | ધોરણ-૧૨ પાસ | ૧૦ | |
| ૩ | સ્નાતક પાસ | ૦૫ | |
| ૪ | અનુસ્નાતક પાસ | ૦૫ | |
| (બ) અનુભવ | | | |
| ૧ | ૧૦ વર્ષનો અનુભવ | ૧૦ | |
| ૨ | ૧૦ વર્ષથી વધુ અનુભવ | ૧૦ | દરેક વર્ષ દીઠ ૦૧ (એક) માર્ક્સ |
| | કુલ | ૫૦ | |

(નોંધ: સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીનો સંતોષકારક કામગીરી માટેનો અભિપ્રાય સાથેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.)